**DATE: 23/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE- 09**

# ભરૂચના વલંદા કોઠીમાં આવેલ મકાનમાંથી વિદેશી દારૂ ઝડપાયો

ભરૂચ : ભરૂચના પોલીસ અધિક્ષક મયુર ચાવડાએ આગામી નાતાલ અને ૩૧ ડીસેમ્બર તહેવારો શાંતિપુર્ણ માહોલમાં ઉજવાય અને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે ઉદ્દેશથી પ્રોહિબીશનના કેસો શોધી કાઢવા સુચનાઓ આપી હતી જેથી એલસીબી પીઆઈ એમ.એમ.રાઠોડે સુચનાઓના અનુસંધાને તેઓના માર્ગદર્શન હેઠળ લોકલ ક્રાઈમ બ્રાન્ચની અલગ અલગ ટીમો બનાવી પ્રોહિબીશનના કેસો શોધી કાઢવા પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હતા.

દરમ્યાન એલસીબીના પીએસઆઈ પી.એમ.વાળા તેમજ એલસીબી ટીમ ભરૂચ શહેરમાં આગામી તહેવારો અનુસંધાને ખાનગી વાહનમાં પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન બાતમી મળી હતી કે, વલંદા કોઠી નજીર રહેતો મુકેશ બચુભાઈ સોલંકીએ પોતાના ઘર પાસે એક રૂમમાં પ્રતિબંધીત ભારતીય બનાવટનો વિદેશી દારૂ વેચાણ કરવાના ઈરાદે છુપાવી રાખેલ છે. જે મુજબની ચોક્કસ બાતમી આધારે પ્રોહી અંગે સફળ રેડઈ કરી રૂમમાં સંતાડી રાખેલ ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ બોટલ નંગ ૨૦૪ કીંમત રૂા.૯૯,૦૬૦ નો આઈએમએફએલ ના જથ્થો ઝડપી પાડી બુટલેગર મુકેશ બચુભાઈ સોલંકીને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો હતો.

**DATE: 23/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE- 08**

# ઝઘડિયાના ખાલક ગામનો ખૂનના ગુનાનો વૉન્ટેડ આરોપી ઝડપાયો

ઝઘડિયા : ઝઘડિયા તાલુકાના ખાલક ગામના છેલ્લા છ માસથી ખુનના ગુના હેઠળ નાસતાફરતા આરોપીને ઉમલ્લા પોલીસે ઝડપી લીધો હતો. ભરૂચ જિલ્લામાં નાસતાફરતા આરોપીઓને ઝડપી લેવા ઉચ્ચ અધિકારીઓ તરફથી જિલ્લાના પોલીસ વિભાગને સુચનાઓ આપી હતી. દરમિયાન ઉમલ્લા પોલીસને બાતમી મળેલ કે ઉમલ્લા પોલીસ મથકમાં હત્યાના ગુનાનો વૉન્ટેડ આરોપી સુરેશ સરાધભાઈ વસાવા રહે.ખાલક તા.ઝઘડિયા જિ.ભરૂચના ખાલક ગામે તેના ઘેર આવવાનો છે. ઉમલ્લા પીએસઆઈ એ.એન.ચૌધરીએ ટીમ સાથે ખાલક ગામ તરફ જવાના રસ્તાપર શીર ગામના બસ સ્ટેન્ડ નજીક વોચ ગોઠવી હતી. દરમિયાન સુરેશ આવતા ઝડપી પાડ્યો હતો.


જાહેર

રજીસ્ટ્રેશન ડીસ્ટીકટ વડોદરા તથા સબ ડીસ

સીમમાં આવેલ જમીન જેનુ વર્ણન નીચે મુજબ

**DATE: 23/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE- 04**

### ક્યાં ઇરાદે લાવ્યો હતો તેની તપાસ હાથ ધરવામાં આવી

# ગડખોલમાં પરપ્રાંતિય ભંગારીયા પાસેથી દેશી તમંચો મળી આવ્યો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ગડખોલ વિસ્તારમાં ભંગારીયા પાસેથી LCB પોલીસે એક દેશી હાથ બનાવટનો તમંચા મળી આવ્યો હતો. ભંગારીયાની ધરપકડ કરી દેશી તમંચો અને મોબાઈલ મળી કુલ રૂ.10 હજારનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

એલસીબીના ઈન્ચાર્જ પીઆઇ રાઠોડ તથા તેમની ટીમને



ગડખોલ મીઠા ફેક્ટરી નજીક આવેલા ઓમ સાંઈ રેસીડેન્સી શોપીંગ સેન્ટરની દુકાનમાં ભંગારનો વેપાર કરતો શુભમ પ્રેમસાગરે તમંચો સંતાડી રાખ્યો હોવાની જાણ થઈ હતી. જેથી પોલીસે માહિતીના આધારે દરોડો પાડીને ભંગારીયાને ઝડપી લીધો હતો.

મોબાઈલ ફોન અને તમંચા સાથે આરોપીની અટકાયત કરવામાં આવી હતી. આરોપી ઉત્તરપ્રદેશનો રહેવાસી છે ત્યારે તે તમંચો વેચાણ કરવાના ઈરાદે લાવ્યો હતો કે કેમ તે દિશામાં પોલીસે આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

**DATE: 23/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE- 04**

### બીજો બૂટલેગર ભાગી જતાં વોન્ટેડ જાહેર કરાયો

# માંડવા ગામે કારમાં સંતાડેલા દારૂ સાથે બૂટલેગરની ધરપકડ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના માંડવા ગામ થી ભરૂચ એલસીબી પોલીસે ઈકો કારમાંથી દારૂના જથ્થા સાથે એક ઈસમની ધરપકડ કરી હતી.જયારે બીજો ફરાર હોવાથી તેને ઝડપી પાડવા કવાયત હાથ ધરવામાં આવી છે.

ભરૂચ એલસીબી પોલીસને અંકલેશ્વરના માંડવા ગામે રહેતા સંજય પટેલે પોતાની ઈકો કારમાં દારૂનો જથ્થો ભરેલ હોવાની મળેલી માહિતીના આધારે દરોડા પાડ્યા હતા. કારમાં સર્ચ કરતા અંદરથી દારૂનો જથ્થો મળી આવ્યો હતો એલસીબીએ સંજય પટેલ ની ધરપકડ કરી રૂપિયા 19 હજારની કિંમતનો ઈંગ્લીશ દારૂનો જથ્થો 3 હજારનો એક મોબાઈલ અને 2 લાખની કાર મળી રૂપિયા 2.22 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તેમજ માંડવાના અરવિંદ વસાવાને વોન્ટેડ જાહેર કરી તેની વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. તપાસમાં વધુ વિગતો બહાર આવશે.

**DATE: 23/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE- 04**

### અંકલેશ્વર પોલીસના ભરૂચ અને ઝઘડિયા સહિતના સ્થળોએ દરોડા

# ભરૂચ જિલ્લામાં ભાડે મુકવાના બહાને 36 વાહનો પડાવી લેનારા 4 ઝડપાયાં

## હાલમાં કાર, ટ્રેક્ટર સહિતના 21 વાહનો રીકવર કરવામાં આવ્યાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વરમાં પિતા-પુત્ર અને રીકશાચાલકે ભેગા મળી 35થી વધારે કારમાલિકો સાથે 1.45 કરોડથી વધુની છેતરપિંડી કરી હતી. જીઇબી તથા અન્ય જગ્યાઓ પર કાર ભાડે મુકવાથી મહિને 20 હજારનું ભાડુ મળશે તેવી લાલચ આપી માલિકો પાસેથી કાર પડાવી લઇને તેને સગેવગે કરી નાખવામાં આવી હતી. પોલીસે ભરૂચ,અંકલેશ્વર અને ઝઘડિયામાં દરોડા પાડી 4 આરોપીને ઝડપી પાડયાં છે. તેમની પાસેથી કાર સહિતના 21 વાહન રીક્વર કરવામાં આવ્યાં છે.

અંકલેશ્વર તથા આસપાસના ગામોમાંથી છેતરાયેલાં લોકોએ થોડા દિવસ પહેલાં પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી. એક કારમાલિકની ફરિયાદના આધારે દઢાલ ગામના ફેઝાન શેખ અને જાવીદ શેખ સહીત ચાર સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. આ કેસમાં સલીમ મન્સૂરી અને ઈસ્માઈલ મરઘીની પણ સંડોવણી બહાર આવી હતી. બી ડિવિઝન પીઆઈ ભૂતિયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ રાઠોડ તથા તેમની ટીમે તપાસ આદરી હતી. જેમાં આરોપીઓએ કાર માલિકો પાસેથી મેળવેલાં વાહનો કયાં છે તે સહિતની બાબતોને આવરી લેવામાં આવી હતી.

કાર કૌભાંડ વચેટિયાઓની ભૂમિકા ભજવનાર મોહંમદ ઈસ્માઈલમોહમદઈસરાઈલ રાઈન (રહે. સારંગપુર મૂળ બિહાર) વિરેન્દ્ર અર્જુન રાઉલજી (રહેતવરા ભરૂચ) રાકેશ અર્જુન વસાવા (રહે ગોવાલી ,ઝગડીયા ) અને મોઈન અબ્દુલ શેખ (રહે નિકોરા ભરૂચ)ની ધરપકડ કરી હતી. તેમની પૂછપરછમાં બહાર આવેલી વિગતોના આધારે 36 પૈકી 21 વાહનો ભરૂચ, નર્મદા તથા અન્ય જિલ્લામાંથી રીક્વર કરી છે. પોલીસ આગળની તપાસ કરી રહી છે.

### વાહનો વેચી દીધાં છે તેમજ કેટલાક ગિરવે મુકયાંનો તપાસમાં ઘટસ્ફોટ થયો છે

કાર ગુમાવનાર માલિકોની જુબાની અને ટેક્નિકલ સર્વેલન્સવડે પ્રાથમિક 4 વચેટિયાની ધરપકડ કરી હતી.પોલીસ તેમની પાસે આઇસર ટેમ્પો, બોલેરો, ઇકો, અર્ટીગા, ટેરેનો, ટ્રેક્ટર સહીત ગાડીઓરિક્વર કરી છે. તપાસમાં ભરૂચ અંકલેશ્વર ઉપરાંત અન્ય જિલ્લામાં ગાડી વેચી દીધી હતી કે પછી ગીરવે મૂકી હોવાનું સામે આવી રહ્યું છે.

### માત્ર વચેટિયા પકડાયાં, મુખ્ય સુત્રધારો ફરાર

જીઇબી તથા અન્ય કંપનીઓમાં કાર ભાડે મુકવાના નામે કાર પડાવી લેવાના કૌભાંડમાં મુખ્ય સૂત્રધાર તરીકે પિતા -પુત્ર ફૈજાન જાવિદ હુસેન શેખ અને જાવિદ હુસેન શેખ સહિત સલીમ મન્સૂરી તેમજ ઈસ્માઇલ મરઘી સામે ગુનો નોંધાવ્યો હતો. જે પૈકી ઈસ્માઇલ મરઘીની હાલ ધરપકડ કરાઇ છે. જ્યારેપિતા- પુત્ર સહિતના આરોપીઓ હજી ફરાર છે.

**DATE: 23/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE- 02**

# જંબુસર કોરા ગામે આઉટ પોસ્ટ પોલીસ સ્ટેશનનું એસપીના હસ્તે લોકાર્પણ



**જંબુસર।** ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના કોરા ગામે કાવી પોલીસ સ્ટેશન દ્વારા કોરા આઉટ પોસ્ટનો લોકાર્પણ સમારોહ ભરૂચ જિલ્લા એસપી મયુર ચાવડા ના હસ્તે કરવામાં આવ્યું હતુંકોરા અને આજુબાજુમાં આવેલા 15 ગામો ને હવે કોરા આઉટ પોલીસ સ્ટેશન નો લાભ મળશે રાત મધરાત કાવી ગામે દોડવાની લોકોની સમસ્યાનો હલ થયો છે.કાર્યક્રમ માં અધ્યક્ષ સ્થાન જિલ્લા પોલીસવડા એ શો ભાવી ગ્રામજનોને સંબોધ્યા તેમજ શાળા ની વિદ્યાર્થિની બેહનો ને પ્રોતસાહિત ઈનામ આપી સન્માનિત કર્યા હતા.

**DATE: 23/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE- 02**

### સ્થાનિક પોલીસના જવાનો પણ ફ્લેગમાર્ચમાં સામેલ થયાં

# રેપિડ નેત્રંગના સંવેદનશીલ વિસ્તારોમાં અર્ધ લશ્કરી દળના જવાનોએ કૂચ કરી

ભાસ્કર ન્યૂઝ|નેત્રંગ

નેત્રંગ ગામના સંવેદનશીલ વિસ્તારોમા રેપિડ એક્શન ફોર્સ દ્વારા તેમના કમાન્ડન્ટ સાથે 60 જવાનો અને નેત્રંગ પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓ દ્વારા નેત્રંગ ટાઉન વિસ્તારમાં ફ્લેગ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. રેપિડ એક્શન ફોર્સની ફ્લેગ માર્ચ નેત્રંગના દરેક વિસ્તારોમા આકસ્મિક જોવા મળતા રહીશોમાં પણ કુતૂહલ સર્જાયું હતું.પરંતુ આગામી 2024 લોકસભાની ચૂંટણી તેમજ ટાઉનના સંવેદનશીલ વિસ્તારમાં ફ્લેગ માર્ચ કરવામાં આવી હતી. આગામી દિવસોમાં લોકોનો પોલીસ પ્રત્યે વિશ્વાસ દ્રઢ બને અને કાયદો વ્યવસ્થાની સુચારુ રૂપે અમલવારી થાય તે માટે ફ્લેગ માર્ચનું આયોજન કરવામાં આવેલ હતું. પીએસઆઈ ડી.વી.ગામીત તેમજ રેપિડ એક્શન ફોર્સના કમાન્ડન્ટના નેતૃત્વમાં નીકળેલ રેપીડ એક્શન ફોર્સના જવાનો અને પોલીસ સ્ટાફની ફ્લેગ માર્ચ સંવેદનશીલ વિસ્તારોમા ફરી હતી. રેપિડ એક્શન ફોર્સની ટીમ ફ્લેગ માર્ચ દરમિયાન નેત્રંગ નગરની ભૌગોલિક સ્થિતિથી વાકેફ થઈ હતી.

**DATE: 24/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE- 04**

### બોગસરીતે દસ્તાવેજ બનાવ્યાનો આરોપ

# જીતાલી ગામે નકલી દસ્તાવેજ બનાવનારા વહીવટકર્તા ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

જીતાલી ગામ ખાતે વક્ફ બોર્ડ મંજુરીનો બનાવટી પત્ર બનાવનાર નવી મસ્જિ ના વહીવટ ર્ક્તાની પોલીસે ધરપકડ કરી છે. ખોટા પત્ર ઉપયોગ કરી જમીન વેચાણ દસ્તાવેજ તૈયાર કરાવી નોંધણી કરનારની પૂછપરછ શરૂ કરી હતી

અંકલેશ્વર સબ રજિસ્ટ્રાર ક્ચેરી ક્ચેરીના અધિકારી પ્રકાશ પટેલે શહેર બી ડિવિઝન પોલીસ મથકે જીતાલી ગાની નવી મસ્જિદના વહીવટકર્તા મૌલાના સલીમ સુલેમાન રાવત વિરુદ્ધ વક્ફ બોર્ડના નામે જમીન વેચાણ નો ખોટો મંજૂરી પત્ર બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરી જમીન વેચાણ દસ્તાવેજ તૈયાર કરવા સબબ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી વહીવટકર્તા મૌલાના સલીમ સુલેમાન રાવતની ધરપકડ કરી હતી. આરોપી ખોટો પત્ર ક્યાંથી લાવ્યો સહિતની વિગતો મેળવવા માટે તેના રીમાન્ડની તજવીજ હાથ ધરવામાં આવી છે.

**DATE: 24/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE- 09**

# જંબુસર તાલુકાનાં વેડચ ગામે ખેતરમાંથી દારૂ સાથે બેની ધરપકડ

જંબુસર : જંબુસર તાલુકાનાં વેડચ ગામે ખેતરમાં બે વ્યક્તિઓ ભારતીય બનાવટનો વિદેશી દારૂ વેચતા હોય એવી બાતમી વેડચ પોલીસને મળતાં પોલીસે ઘટના સ્થળે રાત્રિના સમયે છાપો મારતા વેડચ ગામનાં બે વ્યક્તિઓ વિદેશી દારૂ સાથે ઝડપાઈ ગયા હતા. જેમાં સતીશ ઉર્ફે ગથ્થો જશવંત ગોહિલ તેમજ પરેશભાઈ છત્રસગ જાદવ(ભાથીજી ફળિયું વેડચ ) ના ઓ પાસેથી વિમલના થેલામાં ગેરકાનૂની પાસ પરમીટ વગરનો પ્રતિબંધિત ભારતીય બનાવટનો વિદેશી દારૂ બોટલ નંગ ૯૬ જેની અંદાજીત કિંમત રૂપિયા ૯૬૦૦ નામુદ્દા માલ સાથે વેડચ પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. પોલીસે આ અંગે ગુનો નોંધી આગળની વધુ તપાસહાથ ધરી છે.